# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના અવસાન નિમિત્તે રાજ્ય સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો.
2. ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં ગાંધીનગરના આરોગ્ય વિભાગના કર્મચારીની ધરપકડ..
3. સીએ ફાઈનલ પરીક્ષાના પરિણામમાં અમદાવાદનાં વિદ્યાર્થિની રિયા શાહ સમગ્ર દેશમાં બીજા ક્રમે..
4. રાજ્યમાં આવતીકાલથી તાપમાનમાં 2થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના...
5. ઓડિશામાં યોજાયેલી તીરંદાજી સ્પર્ધામાં પાટણનાં ખેલાડી ભાર્ગવી ભગોરાએ 2 રજત ચંદ્રક જીત્યાં

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GUJARAT RASHTRIYA SHOK

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના અવસાન નિમિત્તે રાજ્ય સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, સચિવાલય, ગુજરાત વિધાનસભા અને સરકારી ઈમારતોમાં રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવીને ડૉ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. તેમજ રાજ્ય સરકારના તમામ જાહેર કાર્યક્રમ પણ રદ કરાયા છે.

આ તરફ ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ વીડિયો સંદેશ જાહેર કરી ડૉ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ડૉ. મનમોહન સિંહના અવસાન નિમિત્તે અમદાવાદમાં કાંકરિયા તળાવ ખાતે યોજાયેલા કાંકરિયા કાર્નિવલના 31 ડિસેમ્બર સુધીના તમામ કાર્યક્રમ રદ કરાયા છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપૂલ પૂરોહિત જણાવે છે કે, હાલોલના વડા તળાવ ખાતે આજથી ત્રણ દિવસ માટે શરૂ થનારો પંચ મહોત્સવ કાર્યક્રમ પણ મોકૂફ રખાયો છે.

રાજકોટ શહેર ઝોનકક્ષાની કલા મહાકુંભ 2024 અંતર્ગત યોજાનારી તમામ સ્પર્ધાઓ અને કાર્યક્રમ હાલ પૂરતા મોકૂફ રખાયા છે. નવા કાર્યક્રમની તારીખ આગામી સમયમાં નક્કી થયા પછી જાહેર કરાશે એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

--------------

## KHYATI HOSPITAL ACCUSED

**અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં ગુનાશોધક શાખાએ ગાંધીનગરના આરોગ્ય વિભાગના કર્મચારી મિલાપ પટેલની ધરપકડ કરી છે. PMJAY યોજનાના સભ્ય મિલાપ પટેલ કરાર આધારિત ડીપીસી એટલે કે, જિલ્લા કાર્યક્રમ અધિકારી તરીકે કામ કરતા હતા. તેમનું કામ હૉસ્પિટલ ફરિયાદ અંગે સમીક્ષા કરવાનું હતું. આ અંગે PMJAYના નાયબ નિયામક ડૉક્ટર યુ. બી. ગાંધીએ વધુ માહિતી આપી હતી.**

**(બાઈટઃ ડૉ. યુ. બી. ગાંધી, નાયબ નિયામક, PMJAY)**

--------------

## BOGUS DOCTOR-TAPI

તાપી જિલ્લાના ખોડદા ગામેથી પોલીસની વિશેષ સંચાલન સમૂહ - SOGએ એક નકલી તબીબને ઝડપી પાડ્યો છે. કોઇ પણ ડિગ્રી વગર નકલી તબીબ પોતાના મકાનમાં બીમાર લોકોને દવા આપી સારવાર કરતો હતો..

મળેલી માહિતી મુજબ SOG એ આ નકલી તબીબ પાસેથી 59 હજાર રૂપિયા જેટલી કિંમતનો દવાનો તથા અન્ય મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

--------------

## GANDHINAGAR 31ST CHECKING

ગાંધીનગર પોલીસ આગામી 31મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખી સચેત થઈ છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય તરફથી મળેલી સૂચના મુજબ પોલીસ ગાંધીનગર નાકા સહિત મહત્વના તમામ સ્થળ પર 31 તારીખ સુધી તપાસ કરશે એમ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ જણાવ્યું હતું.

**(બાઈટ: રવિ તેજા વાસમસેટ્ટી, SP, ગાંધીનગર)**

--------------

## DAMAN 31ST UJAVANI

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં 31મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખી દેવકા સહિતના અન્ય વિસ્તારોની હૉટેલ રોશનીથી શણગારવામાં આવી છે. મિની ગોવા તરીકે ઓળખાતા દમણમાં હાલમાં સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ અંગે સાંભળીએ દમણના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ પ્રદીપ ભાવસાર, દમણ પીટીસી)**

--------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઑપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વૅબસાઈટ અને newsonair મૉબાઇલ એપ પર કરાશે. ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલો પર પણ 'મન કી બાત' કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

......................................

## CA RESULT – AHMEDABAD GIRL

દેશમાં આજે જાહેર કરાયેલા સીએ એટલે કે, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની ફાઈનલ પરીક્ષાના પરિણામમાં અમદાવાદનાં વિદ્યાર્થિની રિયા શાહે દેશમાં બીજો ક્રમાંક મેળવ્યો છે. સમગ્ર દેશમાં બીજો ક્રમાંક મેળવનારા આ વિદ્યાર્થિની રિયા શાહએ સીએ ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં સમગ્ર દેશમાં 42મો ક્રમાંક મેળવ્યો હતો. ત્યારબાદ સખત મહેનતથી તેમણે સીએ ફાઈનલમાં દેશમાં બીજો ક્રમાંક મેળવ્યો છે.

--------------

## CONDUCTOR EXAM ST BUS

રાજ્યમાં આ રવિવારે કંડક્ટર કક્ષાની OMR આધારિત લેખિત પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેનારા અનુસૂચિત જાતિ- SC અને અનુસૂચિત જનજાતિ- STના ઉમેદવારોને આવવા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તે મુજબ SC, ST વર્ગના ઉમેદવારોને વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્ર સુધી લાવવા અને લઈ જવા સુવિધા અપાશે. તેમજ ઉમેદવારોને કોઈ અગવડ ન પડે તે માટે તમામ વિભાગને સૂચના આપવામાં આવી છે એમ એસ. ટી. નિગમની યાદીમાં જણાવાયું છે.

--------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 24 કલાકમાં સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી અને નર્મદામાં ગાજવીજ સાથે વરસાદ સહિત કરાં પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં વરસાદનું ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક એ. કે. દાસ...

(બાઈટઃ એ. કે. દાસ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

ડાંગનાં અમારાં પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે વાતાવરણમાં પલટો આવતા સાપુતારા સહિત આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો. પરિણામે ખેડૂતોમાં શિયાળુ પાકને નુકસાન થવાની ભીતિ સેવાઇ રહી છે.

વલસાડનાં અમારાં પ્રતિનિધિ નવીન પટેલના જણાવ્યા અનુસાર કપરાડા તાલુકાના સુથારપાડા ગામ અને આસપાસના વિસ્તારમાં મોડી રાત્રે વરસાદ વરસતા શાકભાજી તેમજ આંબાવાડી ઉપર નભતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.

--------------

## PATAN SILVER MEDAL

ઓડિશામાં યોજાયેલી તીરંદાજી સ્પર્ધામાં પાટણનાં ખેલાડી ભાર્ગવી ભગોરાએ 2 રજત ચંદ્રક જીત્યાં છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, ભૂવનેશ્વરની કિટ યુનિવર્સિટી ખાતે યોજાયેલી ઑલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી આર્ચરી સ્પર્ધામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલયનાં ખેલાડી ભાર્ગવી ભગોરાએ 70 મીટર રિકર્વ અને ઑલ ઑવર રિકર્વ બંનેમાં એક-એક રજત ચંદ્રક જીત્યાં છે.

આ ખેલાડી ત્રણ વર્ષથી સતત વિશ્વ-વિદ્યાલયને રાષ્ટ્રીય સ્તર પર ગૌરવ અપાવી રહી હોવાનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ-વિદ્યાલયના શારીરિક શિક્ષણ નિયામક ડૉક્ટર ચિરાગ પટેલે જણાવ્યું હતું.

--------------

## MEGA DIMOLETION -SURAT

સુરતમાં જિલ્લા તંત્રએ વિશેષ ઝુંબેશ હેઠળ કતારગામ, પાલ અને અડાજણ વિસ્તારમાં સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણ દૂર કર્યા છે. આ જમીન પર દુકાનો, ગેરેજ જેવા દબાણ દૂર કરાતા અંદાજે 7 હજાર ચોરસ મીટર જમીન ખુલ્લી થઇ છે.

--------------

## COSTGUARD RESCUE-PORBANDAR

ભારતીય તટરક્ષક દ્વારા દરિયામાં ડૂબી ગયેલા ભારતીય જહાજના નવ ખલાસીઓને બચાવી લેવાયા છે. પોરબંદર જિલ્લાના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, કચ્છના મુન્દ્રાથી યમન જઈ રહેલા ભારતીય જહાજ "MSV તાજ ધારે હરમ" ઉત્તર અરબી સમુદ્રમાં ખરાબ હવામાન અને દરિયાઈ મોજાના કારણે ડૂબી ગયું હતું. તટરક્ષક દ્વારા પોરબંદરથી આશરે 311 કિમી પશ્ચિમથી જહાજના 9 સભ્યોને બચાવી પોરબંદર લવાયા હતા. આ તમામ નવ સભ્યોને આજે સવારે સલામત રીતે પોરબંદરની જેટી પર લવાયા હતા.

--------------